બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૩ માર્ચ, ૨૦૧૩)

**નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**
**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**
**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

**(વિભાગ - ૧ કિશોર સત્સંગ પરિચય, દસમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૯)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''હાથી ખૂંત્યો હોય તે હાથીથી જ બહાર નીકળે.'' (૨૩/૭૩)

➪ શ્રીજીમહારાજ - મુક્તાનંદ સ્વામીને

➪ ધરમપુરમાં પરચૈતન્યાનંદ સ્વામીએ રાણીને સત્સંગનો રંગ લગાડ્યો. રાણી ઘણીવાર સ્વામીને હાથી ઉપર બેસાડી પોતાના નગરમાં ફેરવતાં. આવો અપાર મહિમા મહારાજનાં સંતનો સમજતાં. આ વાત જાણતાં સ્વામીને પાછા બોલાવવા મુક્તાનંદ સ્વામીને ધરમપુર મોકલતી વખતે મહારાજ કહે છે.

૨. ''તેં જે કર્યું હશે તે સારું જ કર્યું હશે.'' (૭/૧૫)

➪ રાજકુમાર - પ્રધાનપુત્રને

➪ પ્રધાનપુત્રએ રાજકુમારને ગળે છેકો માર્યો. રાજકુમારે જોયું છતાં કાંઈ પૂછ્યું નહિ, ત્યારે કહે છે.

૩. ''સ્વામી તો એક વલ્લભ સ્વામી જ, બીજા બધા દેવતુલ્ય.'' (૧૬/૪૪)

➪ હિમરાજ શાહ - વનાશાને (મોટાપુત્રને)

➪ સૌથી મોટા પુત્ર વનાશાને સત્સંગ થયો હોવાથી તે પોતાના પિતાશ્રીને સ્વામિનારાયણના મહિમાની વાત કરે છે ત્યારે કહે છે.

**પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ડભાણ યજ્ઞમાં શ્રીજીમહારાજે કોઠીઓને છડી અડાડી. (૧૫/૪૨-૪૩)
ડભાણના યજ્ઞ વખતે વિષ્ણુદાસ અને સ્વરૂપાનંદ સ્વામીએ સીધા-સામગ્રી ઓછી જણાતાં મહારાજને કહ્યું સીધું ખૂટશે ને લાજ જશે તો લક્ષ્મીની જશે. આપણે શું ચિંતા ? બંને ભક્તોની મહારાજ પ્રત્યેની નિષ્ઠા જોઈ મહારાજે કોઠીઓને છડી અડાડી.

૨. સુંદરજી સુથારનો ગર્વ ઓગળી ગયો. (૧૯/૫૫-૫૬)

જ. શ્રીજીમહારાજે ભાદરાથી અઢાર હરિભક્તો ઉપર પત્ર લખાવ્યો અને તેમને જેતલપુર ભાઈ રામદાસ સ્વામી પાસે જઈ, ત્યાગી થઈ ભુજ આવવા જણાવ્યું. અઢારે ભક્તો આજ્ઞા મુજબ જ્યારે ત્યાગી થઈ ભુજ આવ્યા ત્યારે મહારાજ તેમને સૌને અતિશય રાજી થઈને ભેટ્યા. પછી સુંદરજીભાઈને સૌની ઓળખાણ કરાવી. આ બધા ગામધણી અને મોટા ગરાસદારો હતા. આ જોઈ સુંદરજીભાઈનો ગર્વ ગળી ગયો.

૩. શ્રીજીમહારાજે વરતાલ, ગઢપુર, જૂનાગઢ, અમદાવાદ, ભુજ, ધોલેરામાં મહામંદિરો રચ્યાં. (૧૦/૨૦)

જ. શ્રીજીમહારાજે પરમેશ્વરની ઉપાસના રહેવા સારું ત્યાગનો પક્ષ મોળો કરીને મંદિરો કરાવ્યાં છે. તેમાં જો થોડો ત્યાગ રહેશે તો પણ ઉપાસના રહેશે તો તેણે કરીને ઘણાં જીવનાં કલ્યાણ થશે. **અથવા** પૃથ્વી ઉપર પ્રગટ થવાના શ્રીજીમહારાજના છ હેતુમાંનો એક હેતુ એ પણ હતો કે 'પોતાના સર્વોપરી સ્વરૂપની, પોતાની ભક્તે સહિત ઉપાસના તથા જ્ઞાનમાર્ગનું રૂડી રીતે સ્થાપન કરવું. આ હેતુની સિદ્ધિ માટે તથા કાળાન્તર સુધી સંપ્રદાયની પુષ્ટિ માટે મહા મંદિરો રચ્યાં.

**પ્ર.૩** 'દામોદરભાઈ' (૧૩/૩૫-૩૮) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

અમદાવાદના પાટીદાર દામોદરભાઈ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. તેમને શ્રીજીમહારાજના સર્વોપરીપણાનો પાકો નિશ્ચય હતો. એક વખત દામોદરભાઈને નથુ ભટ્ટ સાથે શ્રીજીમહારાજના સ્વરૂપ અંગે વિવાદ થયો. બંને શ્રીજીમહારાજ પાસે આવ્યા અને તે વખતે શ્રીજીમહારાજે નથુ ભટ્ટને સમાધિ કરાવી તેમાં અનંતમુક્ત, અનંત અવતાર તથા રામાનંદ સ્વામીને પોતાની સેવામાં બતાવ્યા ને પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો. એક પ્રસંગે એક સંત સાથે વાતચીતમાં દામોદરભાઈને વિવાદ થયો તે વખતે સાધુએ દામોદરભાઈને ધોલ મારી દીધી. તો પણ દામોદરભાઈએ ક્રોધ કર્યો નહિ. શ્રીજીમહારાજે આ વાત જાણીને સાધુને બહુ

ઠપકો આપ્યો. ત્યારે દામોદરભાઈએ કહ્યું હે મહારાજ ! 'સાધુ તો અમારા બાપ છે તે કોઈ વખત ઠપકો પણ આપે ને દીકરા ને મારે પણ ખરા.' આ સાંભળી મહારાજ ખૂબ રાજી થયા. દામોદરભાઈ શ્રીજીમહારાજના સમાગમમાં રહી અનન્ય સેવાભાવી ભક્ત થયા હતા. સાંસારિક સર્વ પદાર્થોમાંથી તેમણે આસક્તિનો ત્યાગ કર્યો હતો. દામોદરભાઈ મહારાજની અંગત સેવા કરવા સાથે રહેતા. મહારાજની મરજી જાણી સેવા કરતા. એકવાર મહારાજને ઉધરસ આવી તો ગળફો કાઢવા પોતાની પાઘ ધરી. ધન્ય છે તેમની સેવાને કે પોતાની અમૂલ્ય વસ્તુ પણ શ્રીજીમહારાજની પ્રસન્નતા માટે તેમણે તુચ્છ કરી નાખી હતી. દામોદરભાઈ જ્યારે નરનારાયણ દેવનાં દર્શન કરવા આવે તો રામપ્રતાપભાઈ તેમને નિરંતર ઠપકો આપતા અને તિરસ્કાર કરતા. તો પણ કોઈ પ્રકારનો સત્સંગમાં અભાવ આવ્યો નહિ. તેમજ નરનારાયણદેવનાં દર્શન કરવાનો તથા રામપ્રતાપભાઈ પાસે દર્શન કરવા જવાનો નિયમ કાયમ રાખ્યો. આવા એ શ્રીજીમહારાજને વિષે અનન્ય નિષ્ઠાવાળા નિર્માની ભક્તરાજ હતા.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. કયા સિદ્ધાંત પ્રમાણે શાસ્ત્રીજી મહારાજે અક્ષર અને પુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી મંદિરો બાંધ્યાં ? (૧/૩-૪)

જ. 'ભગવાન પોતાના અક્ષરધામ સહિત જ પૃથ્વી ઉપર પધારે છે.' ગ.પ્ર.૭૧ ના સિદ્ધાંત પ્રમાણે શાસ્ત્રીજી મહારાજે અક્ષર અને પુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી મંદિરો બાંધ્યા.

૨. ગોપીનાથજીની મૂર્તિ કોને રોજ હાર આપતી ? (૫/૧૨-૧૩)

જ. ગોપીનાથજીની મૂર્તિ સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીને રોજ હાર આપતી.

૩. ગોરધનભાઈ નામાના ચોપડામાં શું લખતા ? (૨૯/૯૨)

જ. ગોરધનભાઈ નામાના ચોપડામાં 'હસ્તે સ્વામિનારાયણ' લખતા.

૪. કયા બે સંન્યાસીઓ સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા કાઠિયાવાડ તરફ આવવા તૈયાર થયા ? (૧૨/૩૪)

જ. રામાનુજાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી નામના બે સંન્યાસીઓ સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા કાઠિયાવાડ તરફ આવવા તૈયાર થયા.

૫. પંચવિષય કયા કયા છે ? (૨૫-૫/૮૧)

જ. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પંચવિષયો છે.

**પ્ર.૫** ''જેમ ગાય છે તે ......'' (૨૫/૭૯-૮૧) **સ્વામીની વાત પૂરી કરીને નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી લખી હોય તો - ૧ ગુણ, નિરુપણના - ૪ ગુણ.**

**''જેમ ગાય છે તે વાછરડા સારુ પારસો મૂકે છે તેમ જે શિષ્ય હોય તે ગુરુને મન સોંપે તો અંતઃકરણનું અજ્ઞાન ટાળી નાખે. પણ તે વિના તે ટળે નહિ.''**

સત્યકામ જાબાલિ જ્ઞાન મેળવવા ગુરુ પાસે ગયો. તે વખતે ગુરુએ તેને ગોત્ર, કુળ વગેરે પૂછયું. તેણે કહ્યું 'મને ખબર નથી.' પછી માને પૂછવા ગયો. ત્યારે તેની મા કહે, 'તારા પિતા નથી.' ત્યારબાદ જાબાલિએ આશ્રમમાં આવીને સાચી વાત ગુરુને કરી. ત્યારે ગુરુ કહે : 'તેં મારાથી કાંઈ છુપાવ્યું નથી માટે તું બ્રાહ્મણ જ છે.' એમ કહી પોતાના આશ્રમમાં રહેવા માટે રજા આપી. એક વખત ગુરુએ કહ્યું, 'આ ગાયો ચરાવવા કોણ જશે ? એક ગાયમાંથી ચારસો ગાય થાય ત્યાં સુધી ચરાવવાની છે. પછી હું તેને જ્ઞાન આપીશ.' આ સાંભળી બીજા શિષ્યો તો 'અમે જ્ઞાન મેળવવા આવ્યા છીએ. પણ ગાયો ચરાવવા આવ્યા નથી.' એમ કહી દૂર ખસી ગયા. પણ સત્યકામ જાબાલિ ગુરુ આજ્ઞા માથે ચડાવીને ગાયો ચરાવવા ગયો. ગુરુની આજ્ઞા અનુસાર તે ગાયોની સેવા કરવા લાગ્યો. દરરોજ સવારે ગાયોને ચરાવવા લઈ જાય, પાણી પીવડાવે, ઘાસ નાખે એમ સારી રીતે સેવા કરે. ગાયોની સંખ્યા વધતી ગઈ. સેવા કરતાં કરતાં ઝાડ, પાન, પશુ, પંખી દરેકમાંથી તે અનુભવ મેળવવા લાગ્યો, ચારસો ગાય થતાં તે ગુરુ પાસે આવ્યો. ત્યારે તેના ચહેરા પર જ્ઞાનનું તેજ પ્રકાશી રહ્યું હતું. ગુરુએ તેના તરફ કૃપાદૃષ્ટિ કરી કહ્યું, 'તું બધું જ જ્ઞાન શીખી ચૂક્યો છે, આજથી બધું જ્ઞાન તને સિદ્ધ છે.' એમ કહી અંતઃકરણના આશીર્વાદ આપ્યા. ગુરુના આશીર્વાદથી બ્રહ્મજ્ઞાન તેને સિદ્ધ થઈ ગયું. સ્વામી કહે છે આવી વાતો પારસો વળે ત્યારે જ થાય. જેમ ગાય છે તે વાછરડા સારુ પારસો મૂકે છે અર્થાત્ વાછરડાને જોઈ ગાયના આંચળમાંથી દૂધની ધારા છૂટે છે, કારણ કે માતાને પોતાનું વાછરડું અતિશય વહાલું છે, તેમ જે સંશય રહિત થઈને પોતાનું મન સોંપીને ગુરુવચન અદ્ધર ઝીલે છે ત્યારે ગુરુ તેનું અજ્ઞાન દૂર કરી નાખે છે. ગુરુની કૃપાદૃષ્ટિના અધિકારી થયા પછી શાસ્ત્રજ્ઞાનની જરૂર રહેતી નથી.

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. ગાયત્રીથી લક્ષ ગણો વિશેષ, જાણે જ જેનો મહિમા મહેશ;
જ્યાં જ્યાં મહામુક્ત જનો વસાય, આ કાળમાં જો જપ એ જ થાય. (૬/૧૪)

૨. અરુણ કમળસમ જુગલ ચરણની, શોભા અતિ સારી વ્હાલા ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વ્હાલા.
પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્‌ન વ્હાલા. ઊર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વ્હાલા. (૨૦/૬૪)

૩. भवसंभवभीतिभेदनं सुखसंपत्करुणानिकेतनम् । व्रतदानतपःक्रियाफलं सहजानन्दगुरुं भजे सदा ॥ (૧૧/૩૧)

૪. **ગુજરાતી ભાષાંતર :** અને શ્રુતિ- સ્મૃતિ તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી. (૨૮/૮૯)

**(વિભાગ - ૨ : પ્રાગજી ભક્ત, અગિયારમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૧)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''એક ડબકોય બીજા સારુ રહેવા દીધો નહિ !'' (૨૭/૫૧-૫૩)

➫ ચકુભાઈ તથા સદાશંકરભાઈ - ભગતજીને

➫ જૂનાગઢમાં ભગતજીને જોઈને ગદ્‌ગદ્‌ થયેલાં ચકુભાઈ અને સદાશંકરભાઈ જૂનાં પ્રસંગોની સ્મૃતિ કરતાં કહે છે.

૨. ''શ્રીજીમહારાજ એમનામાં અખંડ રહ્યા છે. અને તેથી જ અમે એમની પાછળ પાછળ ફરીએ છીએ.'' (૨૦/૩૯)

➫ યજ્ઞપુરુષદાસજી - વિઠ્ઠલભાઈને (ગઢડાના સંતો તથા હરિભક્તો આગળ, સભામાં)

➫ વિઠ્ઠલભાઈએ ભગતજી નિશ્ચયમાં અડગ છે, તેની શાખ પ્રસંગ કહીને આપી ત્યારે કહે છે.

૩. ''આપ આ લોકથી ઉદાસ થશો નહિ.'' (૧૪/૨૭)

➫ પ્રાગજી ભક્ત - સ્વામીને (ગુણાતીતાનંદ સ્વામીને)

➫ વરતાલવાળાએ સ્વામીને ઠપકો આપવાનો તથા પ્રાગજી ભક્તને વિમુખ કરવાનો નિર્ણય કર્યો હતો. તેની વાત કરતાં સ્વામી કહે છે, મારા દેખતાં તારું અપમાન મારાથી સહન ન થાય. તેવું કહે છે ત્યારે

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. પ્રાગજી ભક્તે સ્વામીને રાજી કરી લેવાની ગાંઠ વાળી. (૪/૭-૮)

જ. ગુણાતીતાનંદ સ્વામીના હૈયામાં ભરેલ જ્ઞાનને ઝીલનાર કોઈ પાત્ર સ્વામીને લાગ્યું નહિ કારણ આ જ્ઞાન ઝીલવા માટે મરણિયા થવું પડે, દેહ-ઇન્દ્રિયોના ચૂરેચૂરા કરી સ્વામી પાસે રહેવું પડે. આ સાંભળી પ્રાગજી ભક્તને હૃદયમાં ચોટ લાગી અને સ્વામીને રાજી કરી લેવાની ગાંઠ વાળી.

૨. પવિત્રાનંદ સ્વામી પ્રાગજી ભક્તને વિમુખ કરવા તૈયાર થયા. (૧૩/૨૫)

જ. મોડી રાત સુધી પ્રાગજી ભક્ત અને હરિભક્તોની ગોષ્ઠિ થતી હતી. તેમાં અક્ષરની પણ વાતો થતી હતી. તે સાંભળી પવિત્રાનંદ સ્વામી ખિજાયા, એટલે પ્રાગજી ભક્તે તેમની નજીક જઈને કહ્યું 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે, તે સમજ્યા વગર છૂટકો નથી.' તેથી પવિત્રાનંદ સ્વામીએ કહ્યું તું મને કોણ સમજાવનાર ? હું તને વિમુખ કરીશ.

૩. બેચર ભગત ભગતજી મહારાજનો સમાગમ કરવા તેમના આસને ગયા. (૧૭/૩૨-૩૩)

જ. ભગતજીએ માપ લીધા સિવાય બેચર ભગતનું બંધબેસતું કેડિયું સીવી આપ્યું ત્યારે કહ્યું : 'આ તો દેહનું કેડિયું સીવ્યું છે, પણ મને તો અંતરનું કેડિયું પણ સીવતાં આવડે છે, પણ તેને માટે મારે આસને આવવું પડે.' ભગતજીની આવી ચમત્કારી વાણીથી બેચર ભગતને ઉત્સુકતા થઈ અને ભગતજી મહારાજનો સમાગમ કરવા તેમના આસને ગયા.

**પ્ર.૯** 'ગુરુવચને ચૂરેચૂરા' (૬/૯-૧૨) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

એક વાર નવી હવેલીનું બાંધકામ શરૂ થયું. તેમાં સ્વામીની આજ્ઞાથી રેતી ધોઈને પાયામાં નાંખવાનું કપરું કામ તેમણે એકલે હાથે પાર પાડ્યું. ચૂનો બનાવવાની વાત આવી તો તેમણે હાથ-પગ ફાટવાની કે આંધળા થવાની બીક રાખી નહી. મોટા મોટા ચૂનાના કોથળા ખભે ઊંચકી લાવે. હવાડામાં ચૂના ને પાણી ભેગાં કરી પોતે પગથી કચરે. કોઈ કહે 'પ્રાગજી ! ચૂનાના છેરથી આંધળો થઈશ.' ત્યારે તેઓ જવાબ આપતા : 'સ્વામી ઉપર મારો દેહ કુરબાન છે, મારે તો એમને રાજી કરવા છે.' આટલી સેવા ઉપરાંત તેઓ બે દિવસ ઉપવાસ અને ત્રીજે દિવસે એકવખત જમવું, તેવું મહાતપ સ્વામીના વચને શરૂ કર્યું. પ્રાગજી ભક્તને તો એક જ તાન હતું કે સ્વામીની મરજી સાચવી લેવી અને તેમની આજ્ઞા અધ્ધર ઝીલવી. કેટલાક પ્રસંગે સ્વામી તેમની કસોટી પણ કરતાં. સ્વામી તેમને કહેતા, પ્રાગજી ! ચૂનાની ભઠ્ઠી કાઢવી છે તે બસો પાવડા ને પાંચસો ટોપલા તૈયાર કર અને તરત જ હા પાડતાં મંદિરમાં જે થોડા ઘણા પાવડા અને ટોપલા હતા તે ભેગા કરી સ્વામી પાસે હાજર કર્યા. બીજા એક પ્રસંગે સ્વામીએ અણધારી આજ્ઞા કરી. 'પ્રાગજી ! જરા ગિરનાર ને બોલાવી લાવને તેનું કલ્યાણ કરીએ.' સ્વામીની આજ્ઞા મળતાં તેઓ ગિરનારને બોલાવવા ગયા. કેટલાકે ટીકા પણ કરી કે એમ કંઈ ગિરનાર આવતો હશે ? આજ્ઞા પાળવામાં વિવેક જોઈએ. જૂનાગઢ મંદિરમાં કરસન નામના વાળંદે બધા સંતોનું વતુ કરવા માટે તેણે એક પૈસાનો ભાવ વધાર્યો, એટલે સ્વામીએ તેને ના પાડી. થોડા દિવસમાં તો હજામત વધવાથી સાધુઓ અકળાવવા લાગ્યાં. એટલે સૌનું વતુ કરવા માટે સ્વામીએ પ્રાગજી ભક્તને આજ્ઞા કરી. પ્રાગજી ભક્ત તો તરત જ તૈયાર થઈ ગયાં. આમ તેમણે છ માસ સુધી દરેક સંતોનું વતુ કર્યું.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. પ્રાગજી ભક્તને જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે કોણ લઈ ગયું ? (૩/૬)

જ. પ્રાગજી ભક્તને જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે સિદ્ધાનંદ સ્વામી લઈ ગયા.

૨. પ્રાગજી ભક્તે કયા ગામમાં આંબાવાડિયામાં કેટલા આંબાને પાણી પાયું ? (૮/૧૫-૧૭)

જ. પ્રાગજી ભક્તે માળિયા ગામે આંબાવાડિયામાં ત્રણસો આંબાને પાણી પાયું.

૩. ભાદરોડમાં ભગતજીને રાજી કરવા યજ્ઞપુરુષદાસજીએ કેટલા રોટલા ખાધા ? (૨૧/૪૦)

જ. ભાદરોડમાં ભગતજીને રાજી કરવા યજ્ઞપુરુષદાસજીએ સાડા ત્રણ રોટલા ખાધા.

૪. પ્રાગજી ભક્તને શ્રીજીમહારાજે દર્શન દઈને ઝેરને લીધે થયેલી અસહ્ય ગરમીનો રોગ દૂર કરવા કયો ઉપાય બતાવ્યો ? (૧૫/૨૯)

જ. પ્રાગજી ભક્તને શ્રીજીમહારાજે દર્શન દઈને ઝેરને લીધે થયેલી અસહ્ય ગરમીનો રોગ દૂર કરવા બાફેલા અડદનું પાણી લેવાનો ઉપાય બતાવ્યો.

૫. બહારથી પથ્થર આવતા કેમ બંધ થઈ ગયા ? (૭/૧૩)

જ. પથરાના ઢગલા ઉપરથી મરેલું કૂતરું કોઈએ ઉપાડ્યું ન હોવાથી બહારથી પથ્થર આવતા બંધ થઈ ગયા.

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૨, ૩ (૫/૯) **૨.** ૨ (૨૧/૪૦) **૩.** ૧, ૩, ૪ (૨૩/૪૩)

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **અક્ષરપાત્રની વરણી :** એક વખત વરતાલના સમૈયે ન પહોંચી શકવાથી સ્વામીનાં દર્શન માટે પ્રાગજી ભક્ત ફરતાં ફરતાં સારંગપુર આવ્યા. સ્વામી ખાંભડે હતા. (૪/૬)

૨. **ઐશ્વર્ય દર્શન :** સૌએ ભગતજીની મનોહર મૂર્તિનાં પણ દર્શન કર્યાં અને મનોમન ભગતજીની પ્રશંસા કરવા લાગ્યા. પછી ફૂલચંદભાઈના પિતાશ્રી ખીમજીભાઈ સિગરામ લઈને આવ્યા હતા. (૨૯/૬૦)

૩. **અમદાવાદમાં જ્ઞાનયજ્ઞ :** આ બાજુ યજ્ઞપુરુષદાસજી રોજ સાંજે મહેમદાવાદ સ્ટેશને જાય અને ભગતજીનાં દર્શન કરીને જે કોઈ પાછું ફર્યું હોય તેને ભગતજીના સમાચાર પૂછે. (૨૪/૪૪)

૪. **જન્મ અને બાળચરિત્રો :** બાળભક્તને નિશાળે બેસાડ્યા પણ અત્યંત ચંચળ હોવાથી ઘણી વાર તેઓ નિશાળેથી બાળકો સાથે મહુવાને પાદર વહેતી માલણ નદીને કાંઠે ભાગી જતા. (૧/૧)

૫. **ગઢડામાં જળઝીલણીનો સમૈયો :** ગમે એટલી આત્માની વાતો કરો પણ આત્મારૂપ ન થવાય. મહિમાએ સહિત ભક્તિ જોઈએ. (૨૬/૫૦)

૬. **સત્સંગમાં કુસંગ :** સંવત ૧૯૨૨માં ચૈત્રી પૂનમના સમૈયે વરતાલ જતા પહેલાં સ્વામીએ કહ્યું હતું કે 'આ વખતે પ્રાગજીને દુ:ખ આવશે. પણ મેં એનું બખ્તર એવું ઘડ્યું છે કે એને ટોચો વાગશે નહિ.' (૧૪/૨૭)

❑ ❑ ❑